

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*ઈન્દ્ર કનેથી અપાવ્યો વરસાદ, આ સરકારે,*
*ને નદી-નાળાં, તળાવો છલકાવ્યાં, આ સરકારે.*
*તાણી લાવ્યા નર્મદા, ભર્યો છે ડેમ, આ સરકારે,*
*છાપી દીધી નોટો, દીધા અચ્છે દિન આ સરકારે...*
*(સરકારનાં દૈવી કાર્યો)*

### હાઈકુ

*અદ્ભૂત કાર્યો*
*કરે છે સરકાર -*
*એક બે હાથે !!*
*(ચૂંટણી લક્ષી...)*

*સંપૂર્ણ બોજ,*
*ઉઠાવી ચાલે શ્વાન -*
*સકટ નીચે...*
*(ગેરસમજ!?)*

### ચિંતન

*તપ્યતે દુષ્કરકારી યત્નવાન નામ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

દુષ્કર્મ કરનારાઓ હંમેશ સંતપ્ત રહે છે.

ખરાબ કર્મો કરનારને પ્રારંભમાં ભલે ગમે તેટલો લાભ થાય. ગમે તેટલું સુખ સાંપડે, પણ પાછળથી દુ:ખી થવાનો અને પસ્તાવાનો વારો આવે છે. કારણ કે દુષ્કર્મ, ખોટું, કાર્ય, પ્રગટ થયા વિના રહેતું નથી. સત્કર્મો કરનાર સ્વયં સુખી રહે છે એટલું જ નહિં અન્યોને પણ સુખી કરે છે.

આજે કૌભાંડો, પાપ-ખૂન, લુચ્ચાઈ કરનારા, વિશ્વાસઘાત કરનારા જૂઠ્ઠા શરુમાં સુખી દેખાય છે પણ આવા 'હત્યારા' ઓને પાપ ડંખે છે અને ઈશ્વરીય ન્યાય પણ તેને તેનાં દુષ્કર્મોનું ફળ આપે જ છે.

સત્કર્મો કરનારાને સદાય સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- સિર્ફ 'સુકુન' ઢુંઢિયે, 'જરૂરતે' તો કભી ખત્મ નહીં હોતી - **શેખાદમ આબુવાલા**
- સત્ય કહેવા માટે તો ભય અને પ્રલોભનથી મુક્ત સાહસિક લોકો જ જોઈએ - **ચાણક્ય**
- સૂર્યની સામે અંધકાર ન ટકે, શ્રદ્ધાનીસામે સમસ્યાઓ ન ટકે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખોટો માણસ પુજાય... અને સાચો માણસ મુંઝાય... આ છે કળયુગ - **મોરારી બાપુ**
- જીવનમાં આવતી પ્રસન્નતાની ક્ષણો એ જ 'પરચા' - **બાપુ સાહેબ**
- તૂટેલા સંબંધ બહુ મોટો શિક્ષક હોય છે, પરંતુ તેની ફી બહુ ઊંચી હોય છે - **પારૂલ ખખ્ખર**
- આજનું ઔષધ : કારેલીના પાનન રસ ચોપડવાથી ચામડીના બહુ જૂના કોઈ પણ રોગ મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સર્કસમાં દડા વારાફરતી ઉછાળીને લોકોનું મનોરંજન કરનાર 'જગલર' દીક્ષા લઈ ચર્ચમાં સંત બન્યો. એને કોઈ બીજી આવડત નહોતી. બીજી કોઈ ધાર્મિક ક્રિયાઓ પણ આવડતી નહોતી. છતા મુખ્ય ફાધરે એને પોતાના મુખ્ય સહાયક તરીકેની મોટી કહી શકાય તેવી પદવી આપી એનું સન્માન કર્યું અને એની ઉપાસનાના વખાણ કરીને કહ્યું કે તારી સાધના ઈશ્વર સુધી પહોંચે છે.

આ જોઈને ચર્ચના બીજા સંતોને નવાઈ લાગી કે હજી બે મહિનાથી આવેલ સર્કસના જગલરને આટલા માનપાન ઉપાધિ?? આ અસંતુષ્ટો એ નક્કી કર્યું કે આપણે ખાનગીમાં આ જગલરની પ્રાર્થના કરવાની રીત જોવી જોઈએ. સાંજની પ્રાર્થના પછી બધા પ્રાર્થના ખંડમાં છૂપાઈ ગયા. અને ત્યાં પેલો નવો બનેલ સંત આવ્યો. એણે મધર મેરીને હાથ જોડીને કહ્યું, 'મને કોઈ વિધિવિધાન આવડતા નથી, બાઈબલ પણ આવડતું નથી, પણ મને જે આવડે છે તેનાથી હું આપનું મનોરંજન કરીશ.' એવું કહી એણે ખીસામાંથી ત્રણ દડા કાઢ્યા અને મધર મેરીને રીઝવવા લાગ્યો.

છુપાઈને જોતા સંતો આ નવા નવા બનેલાં સંતની પ્રાર્થનાની રીત અને એની મહાનતા સમજાઈ ગઈ.

# અબુ સાલેમની સજા : પીડિતોની ક્રૂર મશ્કરી

**તંત્રીસ્થાનેથી...**

ન્યાયતંત્રનું એક સૂત્ર બહુ જાણીતું છે અને અવારનવાર વક્તાઓ એને ટાંકતા રહે છે : 'જસ્ટિસ ડિલેઈડ ઈઝ જસ્ટિસ ડિનાઈડ' અર્થાત્ મોડો મળેલો ન્યાય એ ન્યાય નહીં મળ્યા બરાબર જ ગણાય. આ સૂત્ર આમ તો ભારતીય ન્યાયતંત્રના અનેક ચુકાદાઓ પછી ઉચ્ચારાતું રહ્યું છે, પરંતુ હમણાં ૧૯૯૩માં મુંબઈ બોમ્બ ધડાકાઓના ચુકાદા સંદર્ભે એ સવિશેષ સાર્થક લાગી રહ્યું છે. આ બોમ્બ ધડાકા બાબરી મસ્જિદના ધ્વંસના જવાબ સ્વરુપે કરાયા હતા અને એનો મુખ્ય સૂત્રધાર હતો દાઉદ ઈબ્રાહીમ કાસકર. દાઉદ સામેના અન્ય ગુનેગારો પૈકી મુસ્તફા ડોસાનું નિધન થઈ ચૂક્યું છે. દાઉદ સહિત કેટલાક કાવતરાખોરોને નાસી જઈ પાકિસ્તાનનું શરણું લીધું છે અને ત્યાં રહીને પણ એમની અંધારી આલમ વાળી ગુનાઈત પ્રવૃત્તિઓ કરતા જ રહે છે. ભારત લાખ પ્રયત્નો પછી પણ દાઉદનો વાળ વાંકો નથી કરી શક્યું. વારંવાર મોટા ઉપાડે દાઉદને ઝબ્બે કરવાની ગુલબાંગો શાસક વર્ગ દ્વારા પોકારાતી રહી છે. વચ્ચે મનમોહન સરકારના ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ દાઉદની ધરપકડની ઘડીઓ ગણાઈ રહી હોવાનું નિવેદન કરેલું. એ પછી સરકારનું સુકાન નરેન્દ્ર મોદી એન્ડ કું. ના હસ્તક આવ્યું ત્યારે નવા ગૃહમંત્રી રાજનાથસિંહે પણ દાઉદની ધરપકડ હાથવેંતમાં હોવાનું જણાવેલું. મોદીએ નવાઝ શરીફ સાથે ઘરોબો કેળવ્યો, એમના ઘરે જઈ ભેટ સોગાદ ધરી આવ્યા અને હીરાબા માટે સાડી લઈ આવ્યા પણ દાઉદને કે એના છુપાતા ફરતા ગુનેગાર સાગરીકોને ન લવી શક્યા. અબુ સાલેબની કથા એટલી જ રોમાંચક છે. પોર્ટુગલની સરકારે એને ડિપોર્ટ કરવાની શરતી તૈયારી બતાવી જે ભારતે મનેકમને સ્વીકારવી પડી. શરત એ રાખવામાં આવી કે અબુ સાહેબને ફાંસી નહીં આપી શકાય અને ૨૫ વર્ષથી વધુ સજા નહીં કરી શકાય. ભારત શરતે બંધાયા પછી ફરી જાય તો એની આંતરરાષ્ટ્રીય આબરૂને ધક્કો પહોંચે. એટલે સીબીઆઈની ટાડા કોર્ટો પણ અન્ય બે ગુનેગારો કરતાં પણ વધુ મોટો ગુનેગાર હોવા છતાં એને ફાંસીની સજા નથી ફરમાવી અને જનમટીપની મર્યાદા પણ ૨૫ વર્ષની જ રાખી છે. પાકિસ્તાનથી ભરૂચ પહોંચેલી શસ્ત્ર સરંજામ અને દારૂગોળાની ખેપ મુંબઈ પહોંચાડવાનું અગત્યનું કામ અબુ સાલેમે કર્યું હતું. અબુ સાલેમે જે દોસ્તીના દાવે મુન્નાભાઈ (સંજય દત્ત) ને એ.કે.૪૭ કે ૫૬ જેવી ઘાતક રિવોલ્વર પહોંચાડી હતી. આ બધા કાવતરાખોરોની બદદાનતથી વાકેફ નહીં હોવાથી સંજય દત્તની દલીલ અદાલતે માન્ય રાખી એને ફક્ત ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુના હેઠળ થતી જ સજા ફરમાવી હતી. અબુ સાલેમને એના ધૃણાસ્પદ નરસંહારની સજા રૂપે ૨૪ વર્ષ પછી ૨૪ વર્ષની સજા સંભળાવાઈ છે, જેનું એક અર્થઘટન એવું થાય કે છેલ્લાં બાર વર્ષથી જેલમાં હોઈ હવે તેને તેર વર્ષ પછી સંપૂર્ણ છુટકારો મળી શકે છે. જોકે નિકમ જેવા નિવૃત્ત સરકારી વકીલ એની 'જનમટીપ' ની સજાને સુપ્રીમ કોર્ટના અર્થઘટન મુજબ આજીવન કારાવાસ ગણાવે છે. જો એ ૨૫ વર્ષ પૂરા કર્યા પછી, અર્થાત્ હવે તો તેર વર્ષ પછી જીવતો હશે તો પણ એને જેલમાં રાખવામાં આવશે? ન્યાયતંત્ર સામે આ એક કોયડો રહેવાનો. વળી ૨૪ વર્ષે તો આખી પેઢી બદલાઈ જતી હોય ત્યારે બોમ્બ ધડાકામાં જે પરિવારોએ છત્રછાયા ગુમાવી હતી, એમને મન આવી સજા કે એની છણાવટ તદ્દન અર્થહીન બલકે ક્રૂર મશ્કરી સમી જ બની રહે છે.

# તમારી જાતથી આરંભ કરો, સહેલામાં સહેલી વસ્તુ સૌથી પહેલા કરો

**ગ્રામોદ્યોગના કાર્યનો પ્રારંભ કેવી રીતે કરવો? નો જવાબ આપતા ગાંધીજી**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીના ગ્રામ સ્વરાજ-ગ્રામ ઉદ્ધારની વિચારસરણીથી પ્રભાવિત કેટલાક સજ્જનો-મિત્રો ગાંધીજીને પ્રશ્ન કરતા હતા કે 'અમારે ગ્રામોદ્યોગના કામનો પ્રારંભ કેવી રીતે કરવો, એ સૌથી પહેલાં શું કરવું?'

સરસ અને સટીક જવાબ વાળવામાં માહેર મહાત્મા ગાંધી ચોખ્ખો જવાબ આપતા કહે છે કે, 'તમારી જાતથી પ્રારંભ કરો, ને તમારે માટે જે વસ્તુ સહેલામાં સહેલી હોય તે પહેલી કરો.'

આટલા જવાબથી પૂછનારને સંતોષ ના થા એ વ્યાજબી છે એ સમજતા મહાત્મા પાછી વધુ સ્પષ્ટતા કરવાનું ચૂકતા નથી. તેઓ ગ્રામોદ્યોગ થકી ગ્રામોદ્ધારનો વિચાર કરતા મિત્રોને સ્પષ્ટતાથી સમજાવે છે કે, 'દરેક માણસ પોતાની વસ્તુઓ તપાસે, અને એમાં જે પરદેશની કે શહેરની બનાવટની હોય તે ત્યજીને ગ્રામવાસીઓએ તેમનાં ઘરમાં કે ખેતરમાં તેમના સાદા ને સહેજે વાપરીને સુદારી શકાય એવા ઓજારો વડે બનાવી હોય એવી વસ્તુઓ વાપરે. આ પરિવર્તન કરવામાં જ એમને ઘણી કિંમતી કેળવણી મળી રહેશે અને એક સંગીત શરુઆત થશે.


ગાંધીજીની સજા જ આવી છે. કોઈ પણ વ્યક્તિના પ્રશ્નને તરત ધ્યાનમાં લઈ અને તેનો યોગ્ય પ્રતિસાદ વાળે પણ પ્રશ્નના નિરાકારણમાં કે કોઈ કામની પ્રગતિમાં પોતાનો માત્ર અભિપ્રાય ન આપતા વ્યક્તિ જાતે પોતે એ વિચારમાં અનુકુલન સાધીને જાતને જોડીને કામ કરતો થાય એવો પ્રયાસ તેમનો રહેતો હતો. અહીં પણ ગ્રામોદ્ધાર માટે કરવા જેવું કામ સાવ નાનકડી શરુઆતથી કરવાથી સૂચના તો આપવી પણ સાથે સાથે પ્રશ્ન ઉકેલવાની સમજ કે વિકસિત થવાથી મથામણ જો વ્યક્તિ જાતે કરતો થાય તો પરિણામ સુધી પહોંચી ન શકાય એમ સુચવી જાય છે. સમાજ વિકાસ માટેની સમજણ તો એમાં ઊંડા ઉતર્યા પછી જ સહજતાથી મળે છે એવું ગાંધી હંમશા શીખવતા રહ્યા હતા. પરિવર્તન કરવા માટે સાવ સીધી સાદી વાતના અમલ પછી પણ તેઓ જુદી જુદી રીતે એને વધુને વધુ સમજાવતા હતા. આ રીતે સમજાવતા રહીને કોઈ પણ સારી બાબત માટે તેઓ જનમલ ઊભો કરતા હતા અને જેમ જેમ સમય જાય તેમ તેમ વધુ ને વધુ લોકો તે વિચારની સાથે જોડાતા રહે એવા પ્રયાસો કરતા હતા. એક સારા વિચાર સાથે એક વ્યક્તિ જોડાય અને ધીમે ધીમે સમાન વિચારસરણી વાળા અનેક મનુષ્યો જોડાય છે. વ્યક્તિથી સમૂહ અને સમૂહથી સમાજને જોડવાનો તેઓ અભિગમ દાખવતા હતા. પણ મજાની બાબત એ રહેતી કે સામેવાળાની સમજણ વિકસે એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. અને સીધા અને સરળ શબ્દોમાં વધુ ને વધુ સમજાવતા હતા. ગાંધીજીને ગ્રામોદ્ધાર કરવા માટે શું કરવું? - એવા વ્યક્તિગત સવાલોના જવાબ તો તેમમે આપ્યા પરંતુ એ પછી પણ એમણે જે રીતે શરુઆત કરી હોય તેમાં પછીનું પગથિયું કયું આવશે અને એવી રીતે કામ થઈ શકે એ સમજાવવાનું ચૂકતા નહીં.

દરેક મનુષ્ય ગ્રામ વિકાસની ઈચ્છા રાખતો હોય તેમણે શું કરવું એનું પગથિયું તો કામમાં પ્રવૃત્ત થયા પછી તેમને મળી રહેશે એવી લાગણી વ્યક્ત કરવા છતાં તેઓ સમજણનો તાર પુન: સાંધતા કહે છે, 'પગથિયું તો આપોઆપ જડી જશે. દાખલા તરીકે ગ્રામ વિકાસનો આરંભ કરનાર આજદિન સુધી મુંબઈના કારખાનામાં બનેલું ટૂથબ્રસ વાપરતો હોય. તેને બદલે એને હવે ગામડામાં બનેલી વસ્તુ વાપરવી છે. તેને સલાહ આપવામાં આવે છે કે તેણે બાળવનું (બાવળ દાતણ વાપરવું. તેના દાંત નબળા હોય કે પછી ગયા હોય તો દાતણને એક ગોળ પથરાથી કુટીને તેનો કુચો બનાવે. બીજા છેડા પર ચપ્પુથી કાપ મૂકી રાખે. પછી બે ચીર થાય તેના વતી તે ઊલ ઉતારે.' નબળા / પડી ગયેલાં દાંત માટે કેવી રીતે દાતણનો પૂર્ણરૂપે ઉપયોગ કરવો એ પણ ગાંધી સમજાવવાનું ચૂકતા નથી. સંશયકર્તાના મસ્તિષ્કમાં પ્રતિપ્રશ્ન આવે જ નહીં એવી રીતે તેઓ વાત કરતા હતા.)

બાવળના દાતણની સાથે તેઓ ટૂથ પાઉડરને બદલે કોલસાની ઝીણી ઝીણી ચાળેલી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સનાતન છતાં નિત્યનૂતન : વિનોબાજી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

બે જૂના મિત્રો વાતચીત કરે છે અને બાર વર્ષના નારાયણ દેસાઈ ધ્યાનથી સાંભળે છે. સંવાદ કરનાર વ્યક્તિઓ ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઈ અને વૈકુંઠભાઈ મહેતા (ભાવનગર) છે. વૈકુંઠભાઈ ઉત્સુકતાથી મિત્ર મહાદેવને પૂછે છે :

''મહાદેવ, બાપુ જવાહરને પોતાના વારસ કહે છે તેમાં હું એટલું સમજુ છું કે જવાહર બાપુના રાજનૈતિક વારસ છે. પણ બાપુનું જીવન એ કંઈ એકલું રાજકારણ નથી. બાપુનું આધ્યાત્મ ક્ષેત્રમાં પણ મોટું પ્રદાન છે. બાપુના આધ્યાત્મિક વારસ કોણ ? ''

મહાદેવભાઈ મિત્રની ઉત્સુકતા સંતોષવા માટે તત્ક્ષણ જવાબ આપે છે. જવાબ કાન માંડીને સાંભળવા જેવો છે.

મહાદેવભાઈ કહે છે : '' કોઈ મને ઊંઘમાંથી ઉઠાડીને પણ આ પ્રશ્ન પૂછે તો હું ખંચકાયા વિના જવાબ આપું. વિનોબા ''

વિચારપૂર્વકના પ્રશ્નનો અર્થસભર જવાબ. વિરાટ વ્યક્તિત્વના સ્વામી વિનોબાએ ગાંધી વિચારને અનુસરીને ગાંધીના કેટલાયે અપૂર્ણ રહેલા કાર્યોને તેના અંતિમ ધ્યેય તરફ ગતિ આપી. સ્વતંત્ર ભારત દેશની ચૂંટાયેલી સરકાર દિલ્હીની ભવ્ય મહેલાતોમાં બેસતી હતી. પરંતુ 'ગાંધી વિચારોની સરકાર' વિનોબાજીના સ્વરૂપે દેહ ધારણ કરીને દેશના ખૂણે ખૂણે પરિભ્રમણ કરતી હતી. ગાંધી વિચાર અને વિનોબાની આવી ઐતિહાસિક પદયાત્રાઓને પ્રચંડ જનપ્રતિસાદ મળતો હતો. જયપ્રકાશ નારાયણ અને દાદા ધર્માધિકારી જેવા વિચારશીલ લોકો આ સિવાય વિનોબાના કાફલામાં જોડાયા ન હોત. દેશના અનેક લોકોના હદય પર વિનોબાજીનું પ્રેમાળ વ્યક્તિત્વ શાસન કરતું હતું. બાબા કહેતા હતા : '' મારી જિંદગીના બધાં કામ દિલોને જોડવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરિત છે. '' બાબાનો સંદેશ તથા ભૂદાનયજ્ઞનું ઠોસકામ સમાજની સમરસતા ઊભી કરવામાં કારણભૂત બન્યું હતું. બદલાતા સમયમાં માનવમૂલ્યોના જતન માટેની બાબાની આ પહેલ હતી.

થંભી જાઓ તલવારીઆ !
કાં તલવાર સજાવો ?
તેગ તોપને ખાંડો ખાંડણીએ
દાતરડાં નિપજાવો...
અલેકીઓ માગવા આવ્યો રે
આ તો દેશ દખણનો બાવો
નથી ભાળ્યો કદી આવો !

કવિ કાગ કહે છે કે આ વિનોબા જેવા ''બાવા'' અમે અગાઉ જોયા નથી. એક વ્યક્તિના પુરુષાર્થની આ ગંગોત્રીએ વિશાળ સરીતા સ્વરૂપે ફેલાઈને માનવ કલ્યાણના શ્રેષ્ઠ કાર્યો અનાસક્ત ભાવે તથા વ્યાપક સ્વરૂપે કર્યા છે. વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫ ના રોજ થયો હતો. આથી આ માસમાં બાબાની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે.

ગાંધીજીની વિદાય પછી તેમના વિચારો અનુસાર અનેક કાર્યો વિનોબાજીએ કપરા સંજોગોમાં પણ કર્યા તે જાણીતો ઈતિહાસ છે. ૧૯૫૧થી ભૂમિહીનો માટે ભૂમિદાન માંગવું શરુ કર્યું. ભૂમિદાનના આ વિચારમાંજ નકસલવાદ જેવી પ્રવૃત્તિને ઊભી થતા પહેલાજ રોકવાની શક્તિ હતી. લગભગ ૧૩ વર્ષ સુધી સતત પગપાળા ભ્રમણ કરીને લાખો એકર ભૂમિ દાનમાં મેળવીને ભૂમિહીનોને આપી. જેમની પાસે જમીન નથી તેમને જમીન તથા પરિશ્રમ સાથે જોડીને તેમણે માન્યામાં ન આવે તેવું અસાધારણ યજ્ઞકાર્ય કર્યું. વિનોબાજીના આ યજ્ઞમાં ગુજરાતે પણ ગણનાપાત્ર આહૂતિ આપી. ''ઘસાઈને ઉજળા થવામાં'' માનનારા રવિશંકર મહારાજના તેમજ અન્ય ભૂદાન કાર્યકરોની નિષ્ઠા તથા મહેનતનું પરિણામ વાસ્તવિક રૂપે જોવા મળ્યું. ભૂદાન યજ્ઞમાં ગુજરાતનું યોગદાન એ પણ એક ગૌરવભેર લખી શકાય તેવો ઈતિહાસ છે.

વિનોબાજીના અનેક અવિસ્મરણિય કાર્યોમાં તેમના ભગવદ્ ગીતા પરના પ્રવચનો અગ્રસ્થાને છે. વિનોબાજી ધુળિયા જેલમાં ૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઈને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યા. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યા. ભગવદ ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહયું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યું: ''તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે.'' માતાની ચિર વિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના કરી. ગીતાઈ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા=ગીતા + આઈ. માતાને મરાઠીમાં આઈ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઈ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો- સાંભળવો ગમે તેવો છે.

ગીતાઈ મારી મા
તેનો હું બાળ અબોધ
પડું છું, રડું છું ઊંચકીને તે
ખોળામાં લઈ લે છે.

ભગવદ્ ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનુ અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનુ ઉજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું. ચાર-સાડા ચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઈડ્રોજન તથા ઓક્સિજન હોય છે તેમજ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બન્નેનું સરખુંજ મહત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્વની તથા દિશાસૂચક લાગે છે ! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે. આચાર્ય તરફથી દિશાદર્શન થયેલું છે તે માર્ગે ડગલા માંડવાની ફરજ આપણી છે.

# રવિવારે ગાંધીનગરમાં 'શબ્દ અવસર'નું આયોજન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

'શબ્દ અવસર'ને માણવા ગાંધીનગર સાહિત્યસભાનું ભાવભર્યું નિમંત્રણ

મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું રાખવા; તેના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન માટે યોજાયા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત, 'શબ્દ અવસર' ની એક મહેફિલ; તા. ૧૦-૯-૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન, ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં રાજકોટની કવિ બેલડી દીપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદીના પુસ્તકનું વિમોચન અને લોકાર્પણ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના પૂર્વ અધ્યક્ષ અને ખ્યાતનામ કવિ ભાગ્યેશ જહાના હસ્તે કરવામાં આવશે, ત્યારબાદ એક-બે નહીં, પરંતુ પૂરા બાર દિગ્ગજ કવિઓ પોતાની રચનાઓ રજૂ કરી, ગાંધીનગર સાહિત્ય સભાની આ સાહિત્યિક મહેફિલને ગજવશે. જે કવિગણમાં ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ડૉ. મુકેશ જોષી, ભાવિન ગોપાણી, તેજસ દવે, શૈલેષ પંડ્યા, રમેશ ઠક્કર, પારસ હેમાણી, દીપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદી જેવા નીવડેલા કવિઓ પોતાની ઉત્તમ રચનાઓની રસલ્હાણ પીરસશે, તો આ 'શબ્દ અવસર'ને માણવા અચૂક પધારવા, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકોને ભાવભર્યું હાર્દિક જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

'વૃત્તસંચય'

● ગુજરાતના જોડિયા કવિ તરીકે રાવજી પટેલ સાથે જેમનો એક શ્વાસમાં ઉલ્લેખ થાય છે, તેવા કવિ મણિલાલ દેસાઈના ૭૯માં જન્મદિન નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા એક વિશેષ વ્યાખ્યાન યોજાઈ ગયું. અકાદમીના માર્ગદર્શક મંડળના સભ્ય મણિલાલ હ. પટેલે ઈશ્વરનો ઈન્કાર કરનાર કવિ વિશે, તેઓની કવિતા વિશે તલસ્પર્શી વાતો રજૂ કરી હતી. 'ખીલ્યા ખીલ્યા પારિજાતની તળે, સવાર આ ભીનું ભીનું ગળે' તેવા પ્રકૃતિચિત્રો રજૂ કરીને તેમાં ગામ, સીમ, વગડો, તડકો અને અંધકારનાં કલ્પના પ્રતીકો સાથે ગ્રામ્ય સંસ્કૃતિની ઓળખ આપી હતી. કવિ માધવ રામાનુજે તેઓના કાવ્ય 'તું કવિતા થઈને'નું પઠન કર્યું હતું તથા આદિલ મન્સુરીએ મણિલાલના મૃત્યુ ઉપર લખેલી કવિતા 'કાલે શબ્દોં કી ઉદાસી પીકે લહેરાયેગા કૌન' કાવ્યનું પઠન કર્યું હતું જે કવિના કવિતા ગુજરાતીઓની જીભે ગણગણાટ કરી રહી છે તેવા લોકપ્રિય કવિ મણિલાલ દેસાઈની કવિતા 'ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના' નું ગાન સુશ્રી આરાધના શોધને કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ પ્રાસંગિક વ્યકવ્ય આપ્યું હતું.

● નવજીવન સાંપ્રત અને ગૂર્જર ગ્રંથરત્નના સંયુક્ત ઉપક્રમે ભાવકવિ માધવ રામાનુજના પુસ્તકો 'પિંજરની આરપાર' અને 'અંતરનું એકાંત'ના પ્રકાશન ઉત્સવ તા. ૧૦-૬-૨૦૧૭ના રોજ ઊજવાઈ ગયો. કવિએ સાહિત્ય સાથેનું સગપણ બાલ્યકાળથી હોવાનું યાદ કર્યું હતું જયારે રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, હરિકૃષ્ણ પાઠક, રાજેશ વ્યાસ 'મિસ્કીન', અંકિત ત્રિવેદી, કૃષ્ણ દવે વિગેરેએ માધવ રામાનુજની કવિતાઓનું વાંચન કર્યું હતું. ધીરુબેન પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

●ગૂજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સંયુકત ભાષા સંશોધન માટે તથા સંસ્કૃતના વિકાસ માટે દર્શન અને ભાવિમાર્ગ અંગેનો એક પરિસંવાદ કેન્દ્રીય માનવ સંશાધન મંત્રાલયના સહયોગથી તા. ૨૬-૭-૨૦૧૭ના રોજ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનના પ્રો. પરમેશ્વર નારાયણ શાસ્ત્રી; સંસ્કૃત ભારતીના દિનેશ કામઠ, યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યા વિગેરે મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. પરિસંવાદમાં, વિશ્વભરમાં ઈન્ટરનેટના વધેલા ઉપયોગ સંદર્ભે સંસ્કૃત ભાષાની ઉપયોગિતાને નવા દૃષ્ટિકોણથી મૂલવવાનું જરૂરી બન્યું છે તે અંગે વિવિધ વક્તાઓ દ્વારા શોધપત્રોનું વાંચન કરવાનું નક્કી કરાયું હતું.

● ગૂજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ગુજરાતના વરિષ્ઠ સાહિત્યકારો અને તેમનાં સાહિત્યમાં વિશેષ પ્રદાન માટે 'ગૌરવ પુરસ્કાર' આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭નો આ 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' ખ્યાતનામ સાહિત્યકાર અને સંશોધક દિનકર જોશીને મુંબઈ ખાતે તા. ૧૧-૭-૨૦૧૭ના રોજ એક લાખ રૂપિયાના માનનિધિ સાથે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા દ્વારા અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે કેન્દ્રીય સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ શેખર સેન, ફિલ્મ કલાકાર ફિરોઝખાન, ઈમેજના પ્રકાશક નવીન દવે વગેરે ઉદ્બોધન કર્યું હતું. અકાદમી ગાંધીનગરના મહાપાત્ર મનોજ ઓઝાએ મુંબઈમાં ગુજરાતી સાહિત્યની એક આખી પેઢી અધ્યયન અને અધ્યાપન કરી પ્રેરણા પામી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. વિષ્ણુ પંડ્યાએ મુંબઈને ગુજરાતના સાંસ્કૃતિક મહાનગર તરીકે ઓળખાવીનો દિનકરભાઈના વ્યાપક સાહિત્યકાર્યને બિરદાવ્યું હતું. દિનકર જોશીએ પુરસ્કારની સમગ્ર રાશિ, પોતાના ગામ ભાવનગર નાગધણીબાની પ્રાથમિક શાળાને અર્પણ કરવાનું સ્તુત્ય પગલું ભર્યું હતું.

- muljibhaidhadhi@gmail.com